
મધુસંચય

# મધુ-સંચય

મુનિશ્રી ચંદ્રપ્રભસાગરજી મ.
'ચિત્રભાનુ'

★

સંચયન : સંપાદન
જમુભાઈ વ. દાણી, ભાષા–વિશારદ

★

—: પ્રાપ્તિસ્થાન :—
દિવ્ય જ્ઞાન સંઘ, મુંબઈ–૧

ચતુર્થ આવૃત્તિ :

મૂલ્ય : ધર્મભાવ

પ્રકાશક :

દિવ્ય જ્ઞાન સંઘ
૧૩૭ નેતાજી સુભાષ રોડ,
મુંબઈ ૧

મુદ્રક :

શાહ ગિરધરલાલ ફુલચંદ
સાધના મુદ્રણાલય,
દાણાપીઠ-ભાવનગર

## પૂજ્ય મુનિશ્રી ચન્દ્રપ્રભસાગરજી મહારાજ :



જન્મ : ૨૬-૭-૨૨ દીક્ષા : ૬-૨-૪૨

જેમણે અનેક કુટુંબમાં
સંસ્કાર અને ધર્મભાવનાનાં સિંચન
કર્યાં અને
જેમની પ્રેરક વાણીનાં મધુ
આ પુસ્તિકામાં સંચિત થયાં છે
તેમને
સાદર

—જમુ દાણી

## સંચયન-સૌરભ :

મુનિશ્રી ચન્દ્રપ્રભસાગરજીનાં દસ પ્રેરક પુસ્તકોમાંથી પ્રેરણા-વચનોનો આ 'મધુસંચય' કરી, પુસ્તિકા રૂપે રજૂ કરતાં હું, મુનિશ્રી પ્રત્યેની મારી ઉપકૃતતા વ્યક્ત કરું છું; પ્રકાશન માટેની સંમતિથી આનંદ અનુભવું છું.

'પ્રેરણાની પરબ'ને વાચકોએ જે સ્નેહભર્યો સત્કાર કર્યો છે એ માટે હું એમનો આભારી છું. આ પુસ્તિકા પણ એક જ વર્ષમાં આટલી આવૃત્તિએ પહોંચી છે તે, મુનિશ્રીની કલમની લોકપ્રિયતા દાખવે છે. સાહિત્યની પ્રાસાદિકતા, ધર્મની કર્તવ્યભાવના, વિચારની મૌલિકતા અને ચિંતનની મસ્તીને ઝંખતા ને પ્રશંસતા સર્વ ભક્ત-હૃદયી જનોને આ સંચયન, મધુ-સૌરભ-આપી નૂતન પ્રેરણા ને તાઝગી આપશે એની હું શ્રદ્ધા સેવું છું.

સોનાવાલા બિલ્ડીંગ નં. ૫ અ-૫૧
તારદેવ, મુંબઇ ૭. WB.

જસુભાઇ દાણી

# સમાહિ વર મરણં ચ

મૃત્યુ આ શબ્દ જ એવો છે, જે સાંભળતા જીવ ભયભીત બની જાય છે. આખા જગતને ડરાવનાર માણસ પણ, આ શબ્દ સાંભળતાં ડરી જાય છે.

તો વિચાર આવે છે કે આ મૃત્યુ છે શું ? ભય કે સમાધિ, નિંદ્રા કે જાગૃતિ, જ્ઞાનીને મન તો એક સામાન્ય દેહ–પરિવર્તન જ છે; વેશપલટો છે; એક શરીરમાંથી વિહાર કરી, બીજા શરીરમાં પ્રવેશ કરવાનો છે; એક ગામથી વિદાય લઈ, બીજા ગામમાં વસવા જવાનું છે; એક સહજ પરિવર્તન છે, જ્યારે અજ્ઞાનીને મન, એ ભયાનક અને દુઃખદ છે. કારણ એ છે કે અસત્ કર્મના અંધારાથી, અને પાપના ભારથી એ લદાયેલો છે. એ ડરે છે, તે પરિવર્તનથી નહિ, પણ પાપના ભારથી; અસત્ કર્મના અંધારાથી; એટલે કે

પાપ એને ડરાવે છે; પાપનાં કટુ પરિણામ, બીજે સ્થળે પણ એને મળ્યા વગર રહેવાનાં નથી, એ વિચારે એ થથરી જાય છે. માણસ બધું જ ભૂલવા ભલે પ્રયત્ન કરે. પણ એના જીવનની મૂડી અને કમાણી, એના ઊંડાણમાં સંગ્રહેલી જ છે. એનું ઊંડાણ, ભયના ભયંકર ઓળા સરજે છે એટલે કે ડર પાપનો છે; પાપ ન હોય તો મૃત્યુ તો પોતે મંગળમય જ છે.

કથામાં આવે છે ને કે ધ્રુવે મૃત્યુને માથે પગ મૂકી સ્વર્ગારોહણ કર્યું. એ શું સૂચવે છે? જે ધ્રુવ છે, જે સત્ છે તે એટલું ઊંચું છે કે મૃત્યુ પણ એની આગળ મસ્તક ધરે છે. અગર એમ પણ કહી શકાય કે સત્કર્મવાળો માણસ એવો આત્મબલી હોય છે કે મૃત્યુને માથે પણ એ પગ મૂકી શકે છે.

ભગવાન મહાવીર નિર્વાણની (મૃત્યુની) છેલ્લી પળ સુધી પૂર્ણ પ્રસન્નતાથી વિશ્વના પ્રાણીસમૂહને જ્ઞાનસુધાનું પાન કરાવતા હતા, કારણ કે એમને મન મૃત્યુ એ તો સ્થળાંતર કરાવનાર એક નૈસર્ગિક વસ્તુ હતી. એમાં ભય જેવું શું છે? આવી મધુર, શાંત સમાધિમય પળ તો તેના જીવનમાં જ આવે છે, જે આ દુનિયામાં ન્યાય, નીતિ અને સદાચારપૂર્વક સમ્યક્ જીવન જીવે છે; જેનું જીવન રોજના રોજમેળ જેવું સ્વચ્છ અને સ્પષ્ટ છે; એ તો મંદિરના દ્વારે ભગવાન પાસે પણ એ જ માગે કે 'સમાહિ વર મરણં ચ'– 'સમાધિમય શ્રેષ્ઠ મૃત્યુ હો!' કારણ કે સાધકને મન જીવનયાત્રાની આ જ અંતિમ આરાધના અને સાધના છે.

—ચિત્રભાનુ

# અનુક્રમણિકા


| પુસ્તક | | પાનક્રમ | | મણકા-ક્રમાંક |
|---|---|---|---|---|
| ૧ સૌરભ | ... | ૧ | ... | ૧ થી ૧૪ |
| ૨ બિંદુમાં સિંધુ | ... | ૮ | ... | ૧૫ થી ૨૪ |
| ૩ જીવન માંગલ્ય | ... | ૧૩ | ... | ૨૫ થી ૩૬ |
| ૪ હવે તો જાગો | ... | ૧૯ | ... | ૩૭ થી ૪૬ |
| ૫ ભવનું ભાતું | ... | ૨૪ | ... | ૪૭ થી ૫૮ |
| ૬ કથા–દીપ | ... | ૩૦ | ... | ૫૯ થી ૭૨ |
| ૭ પ્રેરણાની પરબ | ... | ૩૭ | ... | ૭૩ થી ૮૦ |
| ૮ ધર્મરત્નનાં અજવાળાં | | ૪૧ | ... | ૮૧ થી ૧૦૦ |
| ૯ બંધન અને મુક્તિ | ... | ૫૧ | ... | ૧૦૧ થી ૧૦૬ |
| ૧૦ નૈવેદ્ય | ... | ૫૪ | ... | ૧૦૭ થી ૧૦૮ |

## મુનિશ્રી ચંદ્રપ્રભસાગરજી

# 'ચિત્રભાનુ'

### એમનું પ્રેરક સાહિત્ય

| | | |
|---|---|---|
| સૌરભ | ધર્મરત્નનાં અજવાળાં | કથાદીપ |
| ૨–૦૦ | ૩–૫૦ | ૧–૨૫ |
| બિંદુમાં સિંધુ | હવે તો જાગો | ભવનું ભાતું |
| ૦–૬૫ | ૨–૦૦ | ૧–૨૫ |
| પ્રેરણાની પરબ | જીવન–માંગલ્ય | બંધન અને મુક્તિ |
| ૦–૫૦ | ૧–૭૫ | ૦–૪૦ |

ચાર સાધન ૧–૫૦

—: પ્રાપ્તિ–સ્થાનં :—

**દિવ્ય જ્ઞાન સંઘ**
જ્યોતિ સદન
૧૩૭, નેતાજી સુભાષ રોડ,
**મુંબઇ ૧**

**એન. એમ. ત્રિપાઠી પ્રા. લિ.**
પ્રિન્સેસ સ્ટ્રીટ,
**મુંબઇ ૨**

અકાળે કરમાયેલા ફૂલ જેવા અમારા પૌત્ર

મધુકરના

પુણ્ય સ્મરણાર્થે

ચંદન તથા મનસુખલાલ પ્રેમજી પારેખ

તરફથી સપ્રેમ....

# ભાવાંજલિ

ચિ. મધુકર! તારી સ્મૃતિ ભુલાતી નથી. તું આવ્યો અને ઘરમાં આનંદની બહાર આવી, હર્ષનો કિલકિલાટ આવ્યો; પણ... પણ ફૂલનું આયુષ્ય ઓછું હોય છે. એનાં રૂપરંગ અને સુવાસની બહાર પ્રસરે ન પ્રસરે ત્યાં તો એની જીવનલીલા સંકેલાઈ જાય છે.

તેમ...

તું પણ તારી જીવનલીલા અકાળે સંકેલી ગયો અને સ્મૃતિમાં અશ્રૂની ભીનાશ મૂકતો ગયો. હવે એમાં જ્ઞાનનો પ્રકાશ મળે એવી ભાવાંજલિરુપે આ મધુ-સંચય તારી સ્મૃતિમાં પ્રગટ કરીએં છીએ.


રમેશ-ભાનુ

## સાધના

ક્રોધના અગ્નિને શાંત કરવા સમતાની સહાય લો; માનના પર્વતને ભેદવા નમ્રતાનો સહારો લો; માયાની ઝાડીને કાપવા સરળતાનું સાધન લો; લોભના ખાડાને પૂરવા સંતોષની સલાહ લો.

## પશુ અને માનવ

પશુ અને માનવમાં ફેર માત્ર આટલો જ છે: દંડના ભયથી પ્રેરિત થઈને કાર્ય કરે તે પશુ, અને દ્રવ્યની પ્રેરણાથી પ્રેરિત થઈને કામ કરે તે માનવ.



## ગરીબી અને અમીરી

બીજાને સુખી જોઈ જો તમે દુઃખી થતા હો તો તમે સ્થિતિએ શ્રીમન્ત હોવા છતાં તમારું દિલ ગરીબ છે; પણ જો બીજાને સુખી જોઈ તમે ખુશી થતા હો તો તમે સ્થિતિએ ગરીબ હોવા છતાં તમારું દિલ શ્રીમન્ત છે.

## ચિંતનની કવિતા


વાસનાની વાણીમાંથી જન્મેલી કવિતા, સર્જન પહેલાં જ મૃત્યુ પામે છે; ક્ષણિક આવેશમાંથી ઉદ્ભવેલી કવિતા જન્મીને મૃત્યુ પામે છે; સંયમભર્યા દીર્ઘ ચિંતનમાંથી પ્રભવેલી કવિતા જ ચિરંતર રહે છે.

## સાચો વિજય

સમરાંગણનો વિજયી એ સાચો વિજેતા નથી, પણ ઇન્દ્રિયો પર વિજય મેળવનાર જ સાચો વિજેતા છે. દુનિયાને જીતવી સાવ સહેલી છે, ઇન્દ્રિયોને જીતવી જ કઠિન છે.

## સેવક ને નેતા

ઓછું બોલે ને વધારે કાર્ય કરે તે સેવક; અને વધારે બોલે ને ઓછું કાર્ય કરે તે નેતા. એનો અર્થ એ જ કે જેની જીભ નાની તેનું કામ મોટું અને જેની જીભ મોટી તેનું કામ નાનું.



## શાંતિનો પરિમલ

અગરબત્તીનો સંયોગ અગ્નિ સાથે થાય તો જ એમાંથી સુવાસ ભરેલું વાતાવરણ સરજાય છે; વાણીનો સંયોગ પણ જો આમ વર્તન સાથે થાય તો જ એમાંથી શાન્તિનો પરિમલ પ્રગટે.

## જતાં જતાં

જવું જ છે? તો જાઓ. પણ જતાં જતાં સ્વાર્થની દુર્ગન્ધને બદલે સ્નેહ, સેવા, સદાચાર અને સૌજન્યની સુરભિ મૂકતા જાઓ કે જેથી અમે પણ એ સુરભિની પુણ્યસ્મૃતિ પર બે સાચાં આંસુ તો પાડીએ.

## મહાન કોણ

કોઈએ કરેલા ઉપકારની કદર કરે એ સજ્જન છે; અપરિચિત ઉપર ઉપકાર કરે એ અતિ સજ્જન છે; પણ અપકાર ઉપર ઉપકાર કરે એ સજ્જન નહિ, અતિ સજ્જન નહિ, પણ મહાન છે.

## સ્વર્ગ અને નરક

અંતઃકરણમાં સદ્‌વિચાર હોય ત્યારે સમજવું કે તમે સ્વર્ગમાં છો, અને અંતઃકરણમાં અસદ્‌વિચાર હોય ત્યારે માનજો કે તમે નરકમાં છો. અંતઃકરણ ઉપર લાગેલો સદ્ કે અસદ્ વિચારોનો પટ જ અંતે માનવીને સ્વર્ગ અને નરકમાં લઈ જાય છે.




## સંતોષ

મહાલયને સુંદર કહેનારને લોભી ન માનતા; ઝૂંપડાને ભવ્ય કહેનારને સંતોષી ન કલ્પતા. સાચો સંતોષી તો એ છે જે મહાલય અને ઝૂંપડાના ભેદને ભૂલી સંતોષને શ્રેષ્ઠ અને અસંતોષને કનિષ્ઠ માને.

## આત્મવંચના

આંખમાં આંસુ અને મુખ પર સ્મિત, હૈયામાં વેદના અને શબ્દોમાં આનંદ—આ રીતે આજે માનવીનું જીવન વહી રહ્યું છે. આ તો જાણે ચાંદની અંધકાર વરસાવી રહી છે!




## ખુશામત

માણસને રિઝવવા માટે કરવામાં આવતી ખુશામત તો મધૂર દૂધમાં તેજાબ રેડવા બરાબર છે; એથી માણસ જામતો નથી, પણ ફાટે છે.

## સત્યનું પાત્ર

સત્ય સૌને ગમે છે, પણ એને કટુતાના પાત્રમાં પીરસશું તો એને કોઈ નહિ ઝીલે. તમારે જો સત્ય જ પીરસવું હોય તો પ્રિયતાના પાત્રમાં પીરસો. એથી સત્યનો મહિમા ઘટશે નહિ, પણ વધશે.



## સંસ્કાર

કુસંસ્કારોથી આત્મા ભારે થઈને અધોગામી બને છે;
સુસંસ્કારોથી આત્મા હળવો બની ઊર્ધ્વગામી બને છે.

## ત્યાગમાં મુક્તિ


જે ગ્રહણ કરે છે તે દુઃખી થાય છે; જે છોડે છે તે સુખી થાય છે. પરિગ્રહમાં બંધન છે; ત્યાગમાં મુક્તિ છે.

## પ્રેમ–પ્રતિકાર

લોહીથી ખરડાયેલાં કપડાં લોહીથી નહિ, પણ પાણીથી શુદ્ધ થાય છે, તેમ તિરસ્કારનો પ્રતિકાર ક્રોધથી નહિ, પણ પ્રેમથી જ થઈ શકે.

## સાચું દાન

ધન હતું ત્યારે આપ્યું એમાં નવું શું કર્યું? લોટામાં પાણી ન સમાય ત્યારે વધારાનું પાણી સૌ કાઢી નાખે. એ કાંઈ દાન છે? પણ જે પોતાના પીવાના પાણીમાંથી તરસ્યાને આપે છે, એનું નામ દાન છે.




## વાણીનો જાદૂ

માણસની વાણીમાં કેવો જાદૂ ભરેલો છે! એ અમૃતને ઝેર અને ઝેરને અમૃત બનાવી શકે છે; એ આનંદમાં શોકની હવા અને શોકમાં આનંદની હવા સર્જી શકે છે. માણસ આ જાદુઈ શક્તિ સમજી જાય તો સંસાર કેવો સુમધુર બની જાય!

## વિવેકનું મૂલ્ય

ઝાકળના બિંદુનું રૂપ તો કાંઈ નથી, પણ જ્યારે એ કમળના પાંદડા ઉપર પડ્યું હોય છે ત્યારે એમાં સાચા મોતીની રમ્યતા સરજાય છે. આમ, વાણી અને વર્તનનું મૂલ્ય કાંઈ નથી, પણ વિવેક વાપરવાથી એનું મૂલ્ય અનેક ગણું વધી જાય છે.




## દૃષ્ટિ તેવી સૃષ્ટિ

માણસને જેવી દૃષ્ટિ હોય છે, તેવી જ સૃષ્ટિ તેને દેખાય છે. કાળાં ચશ્માં પહેનારને ચંદ્ર પણ શ્યામ જ દેખાય. વિશ્વને એના સ્વરૂપે જોવા માટે માનવીમાં નિર્મળ દૃષ્ટિ જોઇએ.

## વૃક્ષની સજ્જનતા

આ વૃક્ષમાં કેવી સજ્જનતા છે? કુહાડાથી કાપનારને એ છાયા આપે છે, ઘા કરનારને એ ફળ આપે છે, અપકારી ઉપર એ ઉપકાર કરે છે; ત્યારે માનવી શું આ વૃક્ષથીયે ભેદ? માનવીમાં આવો કોઇ ઉપકારધર્મ નહિ?



## અલ્પમાંથી અલ્પ

'અલ્પમાંથી પણ અલ્પ આપજે'—આ પ્રભુ મહાવીરનો દાનઘોષ રોજ શ્રવણ કરનારના ઘરમાં કોઈ વ્યક્તિ આવે ને ખાલી હાથે જાય? ના, ના. એ કદી ન બને; એથી તો ધર્મી ને ધર્મ બન્ને લાજે.

## સૌન્દર્યનાં જખમ

ગુલાબ એ ફૂલોનો રાજા છે. એનાં રંગ, રૂપ, સુગંધ, રચના અને પાંખડીઓ—બધું જ અપૂર્વ! પણ ગુલને પોતાનું આ સૌન્દર્ય પ્રાપ્ત કરતાં પહેલાં મૂક વ્યથામાં કાંટાના કેવા જખમો સહેવા પડ્યા હશે, એ નાજુક હૃદય સિવાય કોણ જાણે!




## આચારનાં નેત્ર

જે લોકો અભણ છે, તે લોકો અંધ છે, કારણ કે એમની પાસે જ્ઞાનનાં નેત્ર નથી. અને જે લોકો ભણેલા—જ્ઞાનનાં નેત્રવાળા છે, તે લંગડા છે, કારણ કે જાણ્યા છતાં એ આચારમાં મૂકી શકતા નથી.

## વિચારોનાં પુષ્પ

ભણેલો માણસ તો એને કહેવાય કે જેના વિચાર, ઉચ્ચાર અને આચાર સુંદર હોય. બગીચામાં જેમ ફૂલ ખીલે છે તેમ ભણેલાના મગજમાં સુંદર વિચારોનાં પુષ્પ ખીલવાં જોઈએ.




## નિર્ભયતા

સાચો માણસ પાપ સિવાય કોઈ પણ વાતથી, કોઈ પણ ઠેકાણે ભય પામતો નથી; એ સર્વદા અભય છે, કારણ કે ભય ત્યાં આવે છે, જ્યાં પાપ હોય છે.

## સંયમના કિનારા

જો જીવનના કોઈ પરમ હેતુ સુધી પહોંચવું હશે તો જીવનની આસપાસ સંયમના કિનારા જોઈશે જ. જેના જીવનની અડખેપડખે સ્વનિર્મિત સંયમના કિનારા હોય છે તેવો માનવી જ પોતાના ધ્યેયક્ષેત્રને પહોંચી શકે છે.




## સમ્યક્ જ્ઞાન

વિષયો તો જગતમાં ચારે બાજુ પથરાયેલા છે. એટલે તમે ભાગીને ક્યાં જશો ? બચવાનો માર્ગ એક જ છે—વિષયોની વિષમતાનું જ્ઞાન અને તે પણ સામાન્ય નહિ, સમ્યક્ જ્ઞાન.

## મુનિનું વ્રત

ઘડપણ આવે એટલે આપણે મુનિનું વ્રત લેવાનું છે. મુનિઓ જાણી જોઈને ન જોવાનું આંખથી ઓછું જુએ, કાનથી ન સાંભળવાનું ઓછું સાંભળે, જીભથી ન બોલવાનું ઓછું બોલે; ઇંદ્રિયોને ઓછામાં ઓછી વાપરે.




## કાગ અને હંસ

દુર્ગુણો તો ઠેર ઠેર ને ઘેર ઘેર ભરેલા છે. પણ કાગડા ચાંદાં જોવાનું કામ કરે છે, અને હંસ દૂધ પીવાનું કામ કરે છે. આપણે, જ્યાંથી દૂધ મળે ત્યાંથી થોડું પી લેવું.

## સમર્પણનો યજ્ઞ

સમર્પણના યજ્ઞથી જ આર્ય-સંસ્કૃતિ ટકી રહી છે. આ યજ્ઞ ઘી રેડીને નહિ, પરન્તુ અહમ્; માયા, લોભ અને ક્રોધને હોમીને કરવો જોઈએ. તો જ સાચો જ્ઞાનયજ્ઞ પ્રગટે: તો જ આત્મદેવ પ્રસન્ન થાય.




# મનની મૈત્રી

ટ્રેનના ઍન્જિનની અંદર જે સ્થાન વરાળનું છે, તે સ્થાન જીવની અંદર મનનું છે. વરાળની જેમ, મનનો દુરુપયોગ ન થાય; તેને જ્યાંત્યાં ભટકવા ન દેવાય. એ ભટકે ત્યારે તમે એને પૂછો કે તુ ક્યાં ગયું હતું ? મન સાથે તમે ક્યારેય આવી વાત કરી છે ખરી ?

# સત્સંગ ને સંતસંગ

સંત કવિએ કહ્યું છે કે ‘એક ઘડી, આધી ઘડી’; ચોવીસ કલાક તું ખાવામાં, પીવામાં, રસમાં, રંગમાં ને રાગમાં વિતાવે છે પણ તું એક ઘડી સત્સંગ કે સંતસંગમાં ગાળે છે ખરો ?




## બંધનમાંથી મુક્તિ

શરીરને બાંધનારાં બંધનો કદાચ છોડી શકાશે પરંતુ મનને બાંધનારાં, પાતળાં બંધનોને તોડવાં બહુ મુશ્કેલ છે. આ બંધનમાંથી છૂટવું એ જ માનવ જીવનનો હેતુ છે. આ કામ એકલા સાધુઓનુ જ નથી, સંસારીઓનું પણ છે.

## મંત્રરૂપ શબ્દ

જ્યારે શબ્દની પાછળ વિચારનું બળ હોય, ચિંતનનું તત્ત્વ હોય, જીવન સમસ્તનું મંથન હોય અને જીવનના ઊંડા ભાવો હોય ત્યારે એવો શબ્દ મંત્રરૂપ બની જાય છે.




## ઇન્દ્રિયોની કેળવણી

સવાર તોફાની ઘોડાને કેળવીને કાબૂમાં લે છે, પણ તેને મારી નાખતો નથી. કારણ કે અંતે એ જ ઘોડો કામ આપવાનો છે. આપણે પણ આપણી સ્વચ્છંદી ઇન્દ્રિયોને કેળવીને સંયમમાં લાવવાની છે; એનો નાશ કર્યે નહિ ચાલે.

## વિકાસની છબી

હું તમને પૂછું છું કે તમે તમારા દિલના દીવાનખાનામાં કોની છબી ટાંગી છે? રામની કે રમાની? ધર્મની કે ધનની? વાત્સલ્યની કે વાસનાની? દિલમાં વિકાસની છબી ટાંગો, નહિ તો ત્યાં વિલાસની છબી એની મેળે ટીંગાઈ જશે.




## જીવનની સુધારણા

જાતને સુધારવા માટે ઘણું સહન કરવું પડશે. અંતરમાં ડૂબકી મારવી પડશે, સુંવાળી વૃત્તિઓને ખસેડવી પડશે, પળે પળ સાવધાન રહેવું પડશે, પ્રલોભનો આવશે તેને ફગાવી દેવાં પડશે.

## ઊનાં આંસુ

આજે જે હસતાં હસતાં પાપો કરી રહ્યા છે, એ પાપો પછી રોતાં પણ નહિ છૂટે. જે કૂવામાંથી માણસો એ તુચ્છ આનંદનું પાણી ઉલેચી રહ્યા છે, એ કૂવો તો અંતે ઊનાં આંસુથી ભરવો પડશે.




## મૈત્રીની એકતા

દૂધ અને પાણીની મૈત્રી કેવી ભવ્ય છે! દૂધે પોતાનો ઉજ્જવળ રંગ પાણીને આપ્યો અને પાણીએ જાતને દૂધમાં વિલોપન કરી. બન્ને એક બની ગયાં. આમ મૈત્રીભાવ એટલે જ એકતા.

## કર્તવ્યનો દીવડો

આજે શબ્દો સોંઘા બન્યા છે, કર્તવ્ય મોંઘું બન્યું છે. પણ યાદ રાખજો કે કર્તવ્યનો દીવડો પ્રગટશે તો જ પ્રકાશ મળશે. કર્તવ્ય વગરનાં ભાષણોથી તો, છે એના કરતાંય અંધારું વધશે.



## આચરણ

પંડિત વાતોડિયો ન હોય, પણ આચરણ કરનારો હોય. મીઠાઈઓની યાદી ગણાવવા કરતાં એકાદ સૂકો રોટલો પણ પીરસે તે સાચો પંડિત. એ વાણીવિલાસમાં નથી માનતો, પણ આચરણમાં માને છે.

## આત્માનું અમરત્વ

આજે વિજ્ઞાન વધ્યું છે, પણ આત્મવિજ્ઞાન વિના એ નકામું છે. વિજ્ઞાન દુનિયાને બધું અપાવશે, પણ અમરત્વ નહિ અપાવે. અમૃત તો આત્મામાંથી જ પ્રગટવાનું છે. આ દૃષ્ટિ આજના વિજ્ઞાનમાં છે?




## જીવનની ખુમારી

વિદ્યાવાનમાં જીવનની ખુમારી જોઈએ. સુખમાં કે દુઃખમાં, સંપત્તિમાં કે વિપત્તિમાં, સંયોગમાં કે વિયોગમાં પોતાના આત્માની અને મનની મસ્તી ન ગુમાવે તે જ અભ્યાસી, તે જ વિદ્યાવાન.

## ચારિત્રની કેળવણી

જ્યારે વિદ્યાર્થીઓને એમ લાગશે કે ચારિત્ર એ અમારું જીવન છે, આશા એ અમારો પ્રાણ છે, જીવનની શુદ્ધતા એ અમારું સર્વસ્વ છે—ત્યારે લોકો એમની કેળવણીને વખાણશે; ત્યારે એ પ્રશંસાને પાત્ર બનશે.




## પ્રકાશ ને અંધકાર

આજે જ્યાં અંધકાર દેખાય છે, ત્યાં કાલે પ્રકાશ દેખાશે. પ્રકાશ ને અંધકાર દૂર નથી. અંધકારના પડદા પાછળ જ પ્રકાશ પડ્યો છે. આ પડદો ઊચકાવાની ઘડી ક્યારે આવે છે, તે પણ કોણ કહી શકે ?

## સ્નેહની તલવાર

સ્નેહ એ તલવાર છે; એ જ મારે છે અને એ જ તારે

પ્રશસ્ત રાગ રક્ષક બને છે; અપ્રશસ્ત રાગ ભક્ષક બને છે.




## અતિ પ્રશંસા

અતિ-પ્રશંસા પાપનું મૂળ બને છે. વહાલનું અતિ-પ્રદર્શન, સ્નેહની ક્યારીઓમાં ઘણી વાર વિષનું વાવેતર કરે છે.

## પ્રભુ-સ્મરણ

માણસ સુખના સમયમાં જેટલી તીવ્રતાથી પ્રભુસ્મરણ નથી કરતો, એટલી તીવ્રતાથી એ દુઃખમાં હોય ત્યારે કરે છે.




## કોણ અપરાધી

અપરાધી કોણ? વધારે સંગ્રહ કરનાર ધનિક કે સંગ્રહ વિનાનો નિર્ધન?

## જીવન-મૃત્યુ

જીવવું ઘણું ગમે છે, પણ તે આપણા હાથમાં નથી; મૃત્યુ નથી ગમતું પણ તે સન્મુખ આવવાનું જ છે. આપણે, જે નથી ગમતું તેને ગમતું કરવાનું છે; જીવનનો મોહ છોડી, મૃત્યુની મૈત્રી કરવાની છે.




## માયાજાળની ગૂંથણી

માનવી, ઓ માનવી ! સાંભળ કે માયા એ જાળ છે; એ દેખાય છે સુંદર, પણ છે ભયંકર. એને ગૂંથવી સહેલી છે, પણ ઉકેલવી મુશ્કેલ છે. કરોળિયાની માફક તું પણ તારી રચેલી માયાજાળમાં ફસાઈ ન જા તે માટે સાવધાન રહેજે.

## જીવનની સાધના

માણસ જન્મે છે, જીવે છે, સાધના કરે છે અને છેલ્લે પ્રકાશને પામે છે. સાધના કર્યા વિના જે માત્ર ભોગમાં ને રોગમાં જ મરે છે, તે અજ્ઞાની છે.




## લગ્નનું જોડાણ

લગ્ન એટલે બે આત્માઓના વિચારોનું જોડાણ. સાથીના દૃષ્ટિ-બિન્દુને સહૃદયતાપૂર્વક જાણવાની ઉલ્લાસમય પ્રણયભાવના હોય તો જ લગ્ન સાર્થક થાય.

## અહિંસા

અહિંસા એ તૃષિતને જળ પાતી સરિતા છે, વિખૂટાં હૈયાંઓને જોડનાર સેતુ છે, જગતને સૌરભથી પ્રફુલ્લિત કરનાર ગુલાબ ફૂલ છે, મધુર સંગીતથી પ્રમુદિત કરતી વસંતની કોકિલા છે. આ અહિંસા જ છે વિશ્વશાન્તિનો અમોઘ ઉપાય.




## ભવ્ય ભાવના

આ આભૂષણો તો ભાર છે. આ દેહ અલંકારોથી નહિ, પણ આચરણથી શોભે છે. આ દેહની માટીને, આવી ખાણની માટીથી મઢવા કરતાં, ભવ્ય ભાવનાથી મઢી દઈએ તો કેવું સારું!

## સમષ્ટિનો સ્નેહ

વ્યક્તિગત સ્નેહ એક આકર્ષણ છે, મોહનો ચમકાર છે, દિલની ઊછળતી લાગણીઓની ઉપરછલ્લી ભૂખ છે; સમષ્ટિગત સ્નેહ આત્માની ભૂખને તૃપ્ત કરે છે, માણસને ઊંચકે છે, ઉપર ને ઉપર લઈ જાય છે.




## જીવનની મહત્તા

જીવનની મહત્તા કાંઈ માળા, જપ, દીક્ષાનાં વર્ષો કે તપ ઉપર નથી અંકાતી, પણ એની માનસિક સાધના ઉપર અવલંબે છે.

## મુક્તિ–મહાલય

તમારી સુષુપ્ત, ગુપ્ત શક્તિઓને પ્રગટાવો. એ વડે પછી તમે આત્માનો અંધકાર ભેદી શકશો, કૈવલ્ય જ્યોત પ્રગટાવી શકશો, આઝાદ બની મુક્તિ–મહાલયમાં મહાલી શકશો.




## સંયમનું કલ્પવૃક્ષ

સંયમી માનવી ભલે સંસારનો ત્યાગી ન પણ હોય, છતાં સંસારમાં રહી, કુકર્મોથી બચી, પોતાનું ને બીજાનું કલ્યાણ સાધી શકે છે; પોતાની જાત માટે અને જનતાને માટે કલ્પવૃક્ષ બની શકે છે.

## લક્ષ્મીનો સદ્વ્યય

જો લક્ષ્મી આમ ચાલી જ જવાની છે, તો પછી મારે હાથે જ એનો સદ્વ્યય શા માટે ન કરવો? અનાથાલયોમાં એ લક્ષ્મી કાં ન ખર્ચવી? જે જનાર છે, તે રહેનાર નથી; તો જનારને રોકવાનો અતિ પ્રયત્ન કરવો એ જ મૂર્ખતા છે.




## સાચી સહજતા

જે સહજતા ઉપદેશ દેવામાં આવે છે, તે સહજતા ઉપદેશનાં તત્ત્વોને આત્મસાત્ કરવામાં જો આવી જાય તો ઉપદેશક માટે આત્મકલ્યાણનો માર્ગ સુગમ અને સરળ બની જાય.

## કલાનું મૂલ્ય

કલાને સમજી, એને પચાવનાર કરતાં, કલાના કલાધર પર મોહિત થનાર અનેકગણા છે; અને તેથી જ કલા આજે વિલાસનું સાધન બન્યું છે; બજારુ ચીજ બનતી જાય છે; એનાં પ્રદર્શનો ભરાય છે; પણ ખરી કલાનું મૂલ્ય તો કલા જ હોય.



## ક્રોધનો દાવાનળ

ભયંકર ઝંઝાવાતથી જેમ રમણીય ઉપવન નષ્ટ થઈ જાય છે, ધરતીકંપથી જેમ મનોહર મહેલાતોથી શોભતી નગરી બિહામણા ખંડેરમાં પલટાઈ જાય છે, તેમ ક્રોધના દાવાનળથી હજારો વર્ષની તપસ્યાઓ, એક ક્ષણ માત્રમાં બળીને ખાખ થઈ જાય છે.

## અમૃતઝરણું

કલહ અને સંતાપભરેલા આ જીવનવનમાં પણ માણસ ઝઝૂમતો જીવે છે, કારણ કે એના જીવનના કોઈ અજાણ્યા ખૂણામાં પ્રેમનું કોઈ અમૃત-ઝરણું છૂપું છૂપું વહેતું હોય છે.




## ખરો કોંગ્રેસી

એણે કહ્યું : 'અમે જૈન ધર્મ નથી પાળતા પણ એ ધર્મમાં રહેલા શુદ્ધિથી ભરેલા ત્યાગને માનીએ છીએ. અમારી તો એ માન્યતા છે કે ખરો કોન્ગ્રેસી તે જ હોઈ શકે જે ત્યાગ, તપ અને અહિંસાનું સાચા દિલથી સન્માન કરે.'

## વિચાર ને વર્તન

જેમ પોપટ 'રામ રામ' બોલીને બીજાને ઉપદેશ આપે છે, પણ 'રામ'ના રહસ્યને એ પોતે સમજતો નથી, એમ આજના ગુરુઓ ઉપદેશ આપે છે ખરા પણ એના રહસ્યને જીવનમાં ઉતારતા નથી. વિચાર સાથે જો વર્તન ન કેળવાય તો એનો અર્થ શો?




# ઇન્દ્રિય-વિજય

રસના—ઇન્દ્રિયના સ્વાદથી ઉદ્ભવતો આનંદ ક્ષણિક હોય છે, પણ એનું પરિણામ દીર્ઘ અને હાનિહારક હોય છે. તલવાર કરતાંય રસનાએ માણસોના ઘણા વધુ ભોગ લીધા છે. આ રસના ઉપર વિજય મેળવનાર જ બીજી ઇન્દ્રિયો ઉપર વિજય મેળવી શકે છે.

# બેકદર

હા! બેકદરને કદર ક્યાંથી હોય! અજ્ઞાનીને જ્ઞાનીઓનાં મૂલ્યાંકન ક્યાંથી સમજાય! દુર્જનને સૌજન્યનું મહત્ત્વ ક્યાંથી સમજાય! વિલાસીને વિરાગીની વિશિષ્ટતાઓની મઝા ક્યાંથી સાંપડે!




## સોબત

સજ્જનનો સ્વાભાવિક સદ્ગુણ એ હોય છે કે તે, પાસે આવેલાને સુપરિમલથી સુવાસિત બનાવે છે, ત્યારે દુર્જનનો નૈસર્ગિક એ દુર્ગુણ હોય છે કે તે પાસે આવેલાને પોતાની દુર્ગન્ધથી દુર્ગન્ધિત બનાવે છે.

## સત્સંગ

માટે પાપભીરુ શિષ્ટજનોએ કાંટા જેવા દુર્જનનો સંગ ત્યજી, કલ્પતરુની જેમ શીતળ છાયા આપનાર સજ્જન પુરુષોનો સંગ કરવો, એ જ હિતાવહ છે.



## માનવી આપે છે ?

ધૂપ પોતે સળગીને, દુર્ગંધને દૂર કરી સુગંધ ફેલાવે છે; લાકડાં જાત બળીને ટાઢને હઠાવી બીજાને ઉષ્મા આપે છે શેરડી કોલુમાં પિલાઈને મીઠો રસ આપે છે. આ બધાં કરતા માણસ શ્રેષ્ઠ છે છતાં એ જગતને કાંઈ આપીને જાય છે ખરો ?

## ચારિત્રની સુવાસ

ચારિત્ર એ અત્તરના પૂમડા જેવું છે. જેની પાસે એ હોય તેને તો એની સુવાસ મળે જ છે, પણ તેના સમાગમમાં જે આવે તેનેય એ સુવાસ આપે છે. એને તો સુવાસના દાનમાં જ આનંદ હોય છે.



## કાગ થશો કે હંસ?

દુનિયામાં સહેલું કામ હોય તો તે કાગનું—બીજાની ટીકા કરવાનું અને નિંદા કરવાનું. પણ કઠણ કાર્ય હોય તો તે હંસનું; સર્વમાં સદ્‌ગુણ જોવાનું અને તેની પ્રશંસા કરવાનું. તમે શું થશો?

## પાણી અને વાણી

સાંસારિક પર્વને દિવસે પાણીની બાલદી ભરી માણસ વાસણો ને વસ્ત્રો સ્વચ્છ કરવા બેસી જાય છે; તો માનવજીવના ધર્મપર્વને દિવસે પ્રભુની વાણી સ્મરી, માનવી મન અને અંતરને પવિત્ર નહિ બનાવે!




## જીવન જ્યોત

કોડિયામાં તેલ હોય તો જ દીપક સારી રાત જલતો રહે છે; તેલ ખૂટતાં એ બુઝાઈ જાય છે. ગૃહસ્થાશ્રમમાં પણ જો સંયમનું તેલ હોય તો જ ધર્મજ્યોત જલતી રહે છે. સંયમનો ત્યાગ એટલે જીવનદીપકનો હ્રાસ, નાશ.

## શિયળ ને સદાચાર

એકડા વિના જેમ શૂન્યની કિંમત કંઈ જ નથી, તેમ સદાચાર વિના જીવનમાં વ્રતોની કિંમત પણ કંઈ જ નથી. વ્રત તો શોભે છે શિયળ અને સદાચારના અલંકારથી.



## સમ્યક્ દૃષ્ટિ

સાકર શ્વેત છે અને ફટકડી પણ શ્વેત છે. પણ માખી તો સાકર ઉપર જ બેસે છે. તેમ, સમ્યક્ દૃષ્ટિ પણ સત્ય અને અસત્યની પસંદગી પ્રસંગે સત્યનો જ સ્વીકાર કરવાની.

## દાનનો આનંદ

ડોલતાં વૃક્ષોએ જવાબ આપ્યો: 'સૂરજનો તાપ સહી અમે પંખીઓને છાયા આપી; અમારાં ફળોનું અમે માનવીને દાન દીધું; સહનશીલતા ને દાનનો એ આનંદ, અમને મસ્ત બનાવે છે. પછી એ તૃપ્તિથી કેમ અમે ન ડોલીએ?'



## મીણ જેવું હૃદય

જીવનમાં નમ્રતા અત્યંત આવશ્યક છે. મીણ જેવું હૃદય ન હોય તે દુનિયાને મીણ જેવી નરમ નહિ બનાવી શકે.

## સંયોગ-વિયોગ


જીવનમાં સુખ અને દુઃખ, સંયોગ અને વિયોગ બેઉ આવવાનાં છે, માટે બેઉને સત્કારો, આવકારો અને બેઉ સમયે યોગ્ય દશામાં મનને રાખો.

## ભક્તિની શીતળતા

પ્રખર તાપમાં પણ ઝાડ લીલુંછમ કેમ રહી શકે છે? કારણ, એનાં મૂળ ધરતીની શીતળતામાં રહેલાં છે. માનવીના જીવનમાં પણ એમ જ, ઉપરથી જીવનની તપશ્ચર્યા અને અંતરના મૂળમાં ભક્તિની શીતળતા જોઇએ. આમ બને તો માનવજીવન સદાય લીલુંછમ રહે.

## ધન અને વિવેક

પૈસો જીવનમાં દુઃખ અને દંભ લાવે છે. પૈસો આવે એટલે ધર્મ આઘો રહી જાય છે. ઘણીયે વાર પૈસો માનવીને વિવેકશૂન્યતા તરફ ધકેલી દે છે, અને આત્માની અધોગતિ કરાવે છે; માટે ધન મળે તો વિવેકથી વર્તો.



## જીવનનો યોગ

જ્યાં સંવાદિતા છે, ત્યાં સુખ છે; જ્યાં વિસંવાદિતા છે, ત્યાં દુઃખ છે. મન, વચન અને કાયા સ્વસ્થાનમાં રહી સંવાદિતાથી જીવે એને જ મહાપુરુષો જીવનનો યોગ કહે છે.

## શક્તિનો ઉપયોગ


શક્તિ હોવા છતાં કાર્ય ન કરવું તેમાં શક્તિ ગોપવવાનું પાપ છે. દાન, જ્ઞાન, વકતૃત્વ ઇત્યાદિ શક્તિ તમારામાં હોય તો તેનો ઉપયોગ કરો. શક્તિ તો જેમ વપરાય તેમ તેમાં વધારો થાય છે.



## સદ્ગુણની ત્રિવેણી

મહાપુરુષો કહે છે કે સળગતા આ સંસારમાં સદ્ગુણની શીતળતા સિવાય બીજું બધું વ્યર્થ છે. દાન, વિનય અને શિયળ–સદ્ગુણોની આ ત્રિવેણીનો જ્યાં સંગમ થાય તે લોકપ્રિય નામનું તીર્થ બની જાય છે.

## મૃદુતા અને વજ્રતા



પારકાના આંસુ, દુઃખ જોતાં ભલે તમે દ્રવી જાઓ, પણ તમારા જીવનના સંયમ, નિયમ અને અંતરાયો વેળા સામનો કરવા વજ્રતા દાખવો. આપણું કાર્ય એ છે કે અન્ય પ્રત્યે મૃદુતા કેળવવી, સ્વ પ્રત્યે વજ્રતા રાખવી.

## મૌનનું એકાંત

મૌનનું એકાંત એટલે મનની સાથે વાત. આપણે તો આજે એકાંત મનથી ડરીએ છીએ; બહાર ન જણાય એટલા વિચારો એકાંતની શાંતિમાં ફૂટી ઊઠે છે. આપણે આ મૌનની શાંતિ શીખવાની છે; તો જ આપણને આત્માનો આવાજ સંભળાશે.

## ભૂલની શોધ

તમે ભલે બધી કરણી કરો, પ્રવૃત્તિઓ કરો, પણ પછી દરેક વેળા મનને પૂછો કે એનાથી તમારો આત્મા પ્રસન્ન થાય છે ? ન થતો હોય તો કારણ તપાસો; ભૂલ શોધી, ભાવિ માટે કાળજી રાખો.



## દાન-ભાવનું પ્રતીક

દાન તો સુંદર વસ્તુનું જ હોય, અને એ પણ પ્રેમથી અપાયેલું હોવું જોઈએ. દાન તો આપણા દિલનું, એના ભાવનું એક પ્રતીક છે. એનાથી માણસની ચેતનાનો વિકાસ થાય છે.

## શોધની શ્રદ્ધા



આપણે જે શોધવાનું છે તે શ્રવણ, મનન અને ચિંતન કર્યાથી જ મળી શકશે. અંધારું ઘેરું છે અને માર્ગ મળવો મુશ્કેલ છે, છતાં સતત પ્રયત્નથી સફળતા મળશે જ એવી શ્રદ્ધા રાખો.


## કચરાનો સંઘરો

આખા ગામનો કચરો ભેગો કરનાર માણસ, પોતે કચરો સંઘરીને ઘરમાં નથી રાખતો. કચરાને ભેગો કરી એ ઉકરડામાં નાખે છે. તો પછી આપણે લોકોના દોષોની ગંદકી આપણી સાથે લઈને શા માટે ફરવું ?

## શાંતિનો આનંદ

વિચારો કે આનંદ વસ્તુમાં રહેલો છે કે મનમાં રહેલો છે? કલહના વાતાવરણમાં દૂધપાક પણ મીઠો મટી જાય છે. એટલે આનંદ અશાંતિમાં નથી; આનંદ તો અંદરની તૃપ્તિ ભરી શાંતિમાં રહેલો છે.





## સંતોનો સંપર્ક

શ્રુત એટલે શ્રવણ; અને તે પણ ભક્તિ અને વિનયપૂર્વક. પોથીપંડિતો દુનિયામાં ઘણા મળશે. પણ બહુશ્રુત ઓછા મળશે. એકમાં શબ્દો છે, બીજામાં ચારિત્ર છે. એટલે જ સંતોનાં પુસ્તકો કરતાંય તેમનો સંપર્ક વધુ ઇચ્છનીય છે.

## વચન સંગે વર્તન


કાગડો કોઈનું કાંઈ લેતો નથી, અને કોયલ કોઈને કાંઇ આપી દેતી નથી; પણ કોયલ એના વિનય અને મધુરતાભર્યા શબ્દથી જગતને પોતાનું બનાવી દે છે. આમ, વચન સાથે જો વર્તન આવી જાય તો સમજજો કે જગત તમારું છે.

## ગુરુના ગુણ

ગુરુનું જીવન વૃક્ષ જેવું છે, નદી જેવું છે. વૃક્ષ એની પાસે જે આવે તેને છાંયો આપે છે, ફળ આપે છે. સરિતા, કાંઠે આવેલા સર્વને પાણી આપી તૃષા છિપાવે છે. ગુરુમાં આ બેઉ ગુણો રહેલા છે.

## માણસની ગાંડાઇ

માણસને જીવનમાં રહેવા માટે એક ખૂણો, ખાવા માટે મૂઠી અન્ન અને પહેરવા માટે બે જોડ કપડાંની જ જરૂર છે. આમ છતાં માણસ આજે કપડાં અને અલંકારોની પાછળ કેમ આટલો ગાંડો બની રહ્યો છે!



## વસ્તુનું મમત્વ

શિયાળામાં ગરમી ગમે છે, પણ ઉનાળાના દિવસોમાં એ જ ગરમી દુઃખદ બને છે. એવી જ રીતે, આજે વસ્તુ જે સુખ આપી રહી છે તે આવતી કાલે દુઃખદ બનશે; માટે વસ્તુ પ્રત્યેનું મમત્વ છોડો.

## જીવનનું લક્ષ્ય

પર્વતમાંથી નીકળતી નદીને પોતાનું લક્ષ્ય નક્કી છે. આથી, વચ્ચેના ખડકો, પથ્થરો, જંગલ ઝાડીમાંથી રસ્તો કરી એ સાગર તરફ ધસતી રહે છે; ક્યાંય અટકતી નથી; ગમે ત્યાંથી માર્ગ કરી એ આગળ વધે છે. માનવીએ પણ એવા લક્ષ્ય માટે એ જ કરવાનું છે.




## વાસનાની કેદ

કોઈક માણસ દીવાલની પાછળ કેદી છે, તો કોઈક વાસનાની પાછળ કેદી છે. વિચાર કરતાં સમજાશે કે દીવાલની કેદ કરતાં વાસનાની કેદ વધુ જબ્બર કેદ છે.

## વૃત્તિનો સંયમ


વૃત્તિઓ જ્યારે આપણા કાબૂમાં હોય છે ત્યારે આપણે મહાત્મા બનીએ છીએ; એ જ વૃત્તિઓ જ્યારે છુટ્ટી અને અનિયંત્રિત હોય છે ત્યારે આપણે પાપાત્મા બનીએ છીએ.



## પ્રેમનું બલિદાન

પ્રેમ અને ક્ષમા કોઈ દિવસ કોઈનાં માથાં માગતાં નથી; એ તો સામેથી માથું આપવા તૈયાર થાય છે, અને તે પણ બીજાનું નહિ, પ્રથમ પોતાનું.

## અંતરનું અજવાળું




દુનિયામાં એવો કોઈ માનવી નથી કે જેનું હૃદય પીગળે નહિ; એવી કોઈ રાત નથી, જેમાં એક પણ તારો ન હોય.

## વિવિધ તત્ત્વો

જ્યારે માનવી દેહપ્રધાન હોય છે ત્યારે એનામાં પાશવતા પ્રગટે છે, જ્યારે મનપ્રધાન હોય છે ત્યારે માનવતા પ્રગટે છે, જ્યારે આત્મસામ્રાજ્યમાં વિહરે છે ત્યારે એનામાં દિવ્યતા પ્રગટે છે. માનવીમાં આ ત્રણે તત્ત્વો પડેલાં છે.

## ઇન્દ્રિયોને ઊંઘાડો

તમારી જે છૂટી ઇન્દ્રિયો છે, જે બળવાન ઇન્દ્રિયો છે, જે મુક્ત ઇન્દ્રિયો છે, તેને ઊંઘાડી દો; જો તમે આમ એને ઊંઘાડી દેવાનું રાખશો, જો એ સંયમિત થશે, તો તમે જોઈ શકશો કે તમારો આત્મા પછી મુક્તિ અનુભવશે, પ્રફુલ્લતા અનુભવશે.



જીવનને અંધકારથી ઢાંકી દેતી નિરાશા તારી આસપાસ છવાઇ ગઈ છે? જીવન કટુ અને ભારરૂપ લાગે છે? પણ એ વાત કદી ન ભૂલીશ કે પતનના પાયામાં પણ ઉત્થાન છે. પરાજય-માંથી જયનું બળ પ્રગટે છે અને આપણી નબળાઈઓ અને ત્રૂટિઓ આ પ્રસંગ દ્વારા દૂર થાય છે; માણસ ફરીથી ઊભો થઈને હિંમતભેર આગળ વધે છે.

હિંમત ન હારીશ; ધૈર્ય રાખજે. જીવન શું આપવા માગે છે તે આપણે જાણતા નથી. એનો રહસ્યભંડાર કોઈ અદ્દભુત છે. આ કાંઈ ક્ષણિક પ્રકાશનો ચમકાર નથી, પણ અંધકારમાંથી પ્રગટતા સૂર્યની એક યાતનામય યાત્રા છે. તો આ જ માર્ગમાં હાર્યા વિના આગળ વધજે.



## જીવનના સંધ્યાટાણે

ઓ ચિત્રકાર, જોનારના દિલનેય રંગ લાગી જાય એવા નાજુક રંગોથી તેં વિશ્વને આલેખ્યું, પણ તારા દિલનું દીવાનખાનું તો શૂન્ય જેવું લાગે છે.. હા, તારા હૃદયખંડને અલંકૃત કરવા તેં એક કાવ્યમય ચિત્ર રાખ્યું હતું ખરું, પણ આજ તો તેય ઝાંખું થવા આવ્યું છે. આ સંધ્યા નમે તે પહેલાં, તારા પ્રાણમાં ઘૂંટાયેલા ભાવનાના રંગની એક પીંછી તું એના પર ન ફેરવી શકે? જેથી રજનીમાં, સુવાસિત તેલના દીપકોના પ્રકાશમાં એ ફરી ઝળહળી ઊઠે!

## ધર્મ-ભાવના

મૈત્રી ભાવનું પવિત્ર ઝરણું, મુજ હૈયામાં વહ્યા કરે;
શુભ થાઓ આ સકળ વિશ્વનું, એવી ભાવના નિત્ય રહે.
ગુણથી ભરેલા ગુણી-જન દેખી, હૈયું મારું નૃત્ય કરે;
એ સંતોના ચરણકમલમાં, મુજ જીવનનું અર્ઘ્ય રહે.
દીન, ક્રૂર ને ધર્મવિહોણા, દેખી દિલમાં દર્દ રહે;
કરુણા-ભીની આંખોમાંથી, અશ્રુનો શુભ સ્રોત વહે.
માર્ગ ભૂલેલા જીવન્-પથિકને, માર્ગ ચીંધવા ઊભો રહું;
કરે ઉપેક્ષા એ મારગની, તો યે સમતા ચિત્ત ધરું.
ચંદ્રપ્રભની ધર્મભાવના, હૈયે સૌ માનવ લાવે;
વેર-ઝેરનાં પાપ ત્યજીને, મંગળ ગીતો એ ગાવે.



**મુનિશ્રી ચંદ્રપ્રભસાગરજી**
"ચિત્રભાનુ"

સાધના મુદ્રણાલય : દાણાપીઠ-ભાવનગર